# પ્રાર્થના

## પ્રાર્થનાનો કોઈ વિકલ્પ નથી



લેખક : રેવ. હેમંતકુમાર જે. પરમાર

19BGP2

# પ્રાર્થના

## પ્રાર્થનાનો કોઈ વિકલ્પ નથી

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

: લેખક :

રેવ. હેમંતકુમાર જે. પરમાર

પ્રકાશક :
**ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી**
સાહિત્ય સેવાસદન,
એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૪૪૫૨૮૧

❇

પ્રથમ આવૃત્તિઃ ૨૦૦૬ નકલ : ૧૦૦૦

❇

**કિંમત રૂા. ૨૦-૦૦**

❇

મુદ્રક :
**સ્ક્રીન ડોટ પ્રિન્ટર્સ**
૪, દિવ્ય વસુંધરા કોમ્પ્લેક્ષ,
મિરઝાપુર કોર્ટ સામે,
મિરઝાપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૦૭૯-૬૫૪૪૬૬૨૯

# પ્રસ્તાવના

"પ્રાર્થનાનો કોઈ વિકલ્પ નથી" આ પુસ્તક ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીનાં પ્રકાશનોની ગૌરવવંતી શ્રેણીમાં મહત્વનું સ્થાન પ્રાપ્ત કરે છે એ ખૂબ આનંદનો અવસર છે.

સમગ્ર બાઈબલ અને પ્રભુ ઈસુ ખ્રિસ્તનું જીવન ખ્રિસ્તી વિશ્વાસનાં પાયાની અનિવાર્ય હકીકત તરીકે ઈશ્વર સાથેનાં સબંધ, વાતચીત અને એક પરાક્રમી હથિયાર તરીકે પ્રાર્થનાનો સ્વીકાર કરે છે.

આ અતિ મહત્વનાં ખ્રિસ્તી મૂલ્યનાં વ્યવહારીક મહત્વ વિશે ઘણું બધું કહેવામાં આવે છે, લખવામાં આવે છે અને વારંવાર યાદ આપવામાં આવે છે. પરંતુ અંગત પ્રાર્થનાનો શાંત સમય, મંડળીની પ્રાર્થના સભાઓ, વિવિધ પ્રાર્થના જૂથોમાં હાજરી અને કૌટુંબીક પ્રર્થનાની વેદી પ્રત્યેની ઉદાસીનતા પ્રવર્તમાન પરિસ્થિતિ વિશે ઘણું કહી જાય છે.

આ સંજોગોમાં આ પુસ્તક કોઈક રીતે વ્યક્તિ, કુટુંબ કે મંડળી તરીકે આ મહત્વની બાબત વિશે પુનઃ ખોજ કરવાની પ્રેરણા આપશે તો ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીનાં પ્રયત્નોને સફળતા મળી છે તેનો આનંદ આ પુસ્તકનાં લેખક અને ટ્રાક્ટ સોસાયટી પરિવાર અનુભવશે.

રેવ. હેમંતકુમાર જે. પરમારે આ પુસ્તકમાં મંડળીનાં ઈતિહાસનાં પ્રાર્થનાવાદી જીવનો, પ્રાર્થના વિહાર, પ્રાર્થના જૂથો અને બાઈબલનાં પ્રાર્થના વિરોનો ઉલ્લેખ કરીને એ બાબતની યાદ આપણને અપાવી છે કે પ્રાર્થના એ વાસ્તવિક છે, પરિણામદાયી છે અને ખ્રિસ્તી મંડળી અને વ્યક્તિનાં અસ્તિત્વ અને વૃધ્ધિનું અનિવાર્ય અંગ છે.

આ પુસ્તકને પ્રભુનાં તમામ લોકો ખૂબ ગંભીરતાથી ઈશ્વરનાં પ્રેમી અવાજ તરીકે સ્વીકારે, તેનો અમલ કરે અને આ પુસ્તક ખરીદીને બાળકો અને યુવાનોને ભેટ તરીકે આપે તેવી મારી હાર્દિક અપીલ છે. આ પુસ્તક આપણ સૌને પ્રભુ પ્રત્યેનાં પ્રેમમાં અને વિશ્વાસમાં દ્રઢ કરે અને લેખકની સેવા આવનાર દિવસોમાં વધુ આશીર્વાદિત થાય તેવી શુભેચ્છા અને આશિષ સાથે "પ્રાર્થનાનો કોઈ વિકલ્પ નથી" આ પુસ્તક ત્રિએક ઈશ્વરનાં નામે પ્રભુનાં લોકોને સમર્પિત કરું છું.

આ પુસ્તકના પ્રકાશન પેટે સ્વ. ફિલોમોનભાઈ કે. ક્રિશ્ચિયનની યાદમાં પરિવાર તરફથી રૂા. ૮,૮૦૦-૦૦ મળેલ છે માટે આભાર માનું છું.

એ જ સહૃદયી
**રેવ. ડૉ. નિકોલસ જી. પરમાર**
પ્રેસિડેન્ટ
ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી